સે-૬ માં નવા સરકારી આવાસના ૧૦ ટાવરો ટુંકમાં તૈયાર થઈ જશે

નવા આવાસોનુ લોકાર્પણ થયા બાદ આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ હળવી થશે

ગાંધીનગર તા ૫

શહેરના સે-૬ માં નવા આવાસો તૈયાર થઈ ગયા છે. આગામી એપ્રિલ મહીનામાં ૨૮૦ જેટલા આવાસો તૈયાર થઈ જશે જયારે સે-૬ ડી માં પણ ભુવનેશ્વર મંદિર પાછળ સ્થિત આવાસોનુ કલરકામ ચાલી રહ્યુ છે.જેથી ટુંકમાં જ આવાસોના લોકાર્પણની પ્રક્રીયા પણ હાથ ધરાશે. જેના લીધે તંત્રના ચોપડે સ્થિત કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ હળવી થશે.

શહેરમાં નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં સે-૨૭ થી ૩૦ માં પણ નવા આવાસો તૈયાર કરવા માટે સાઈટ આખરી કરાશે. જુના સેકટરોમાં નવા ૫૮૦ નવા મકાનો બાંધવાનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે હાલ સે-૬ માં પણ છેલ્લા એક વર્ષથી નવી ટાવર કોલોની બાંધવા માટેની કામગીરી ચાલી રહી છે. સે-૬ માં સાત માળના ૧૦ ટાવરો બાંધવાનુ કામ પુર્ણતાના આરે છે.

સે-૬ માં ૨૮૦ જેટલા મકાનો આગામી એપ્રિલ મહીનાના અંત સુધીમાં તૈયાર થઇ જશે

આ આવાસોના નિર્માણ માટે આ વિસ્તારમાં કંગાળ અને જર્જરિત બનેલા ૪૦ જેટલા બ્લોક તોડી નાંખવામાં આવ્યા છે. ખુલ્લી જગ્યામાં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. શહેરના સે-૭,૨૯ અને સે-૩૦ માં નવી આવાસ યોજના તૈયાર કરી દેવાયા બાદ હાલ કર્મચારીઓનો વસવાટ પણ જોવા મળી રહ્યો છે. જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો કંગાળ હાલતમાં હોવાના લીધે મોટાભાગના રહેણાંકને લાયક ન હોવાનુ ચિત્ર પણ સ્પષ્ટ થયુ છે. ત્યારે સે-૬ માં ૨૮૦ જેટલા મકાનો આગામી એપ્રિલ મહીનાના અંત સુધીમાં તૈયાર થઈ જશે આ ઉપરાંત હાલ સે-૬ ડી માં ભુવનેશ્વર મહાદેવ મંદિરના પાછળના ભાગમાં પણ નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જેમાં કમ્પાઉન્ડ વોલ અને કલરકામ ચાલી રહ્યુ છે. જેથી ટુંકમાં જ આ આવાસોનુ લોકાર્પણ કરી દેવાશે જેથી મકાનની વાટે રહેલા કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ હળવી થશે.

આગામી ૧૦મી સુધી પવનની ગતિ જિલ્લાવાસીઓને ધ્રુજાવશે

આ દિવસોમાં પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે

ગાંધીનગર, તા. ૫

આગામી પાંચ દિવસ ઠંડા અને બર્ફીલા પવનોની ગતિ ગાંધીનગર જિલ્લાવાસીઓને થર થર કંપાવશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક ૭૯ માં હવામાન-પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યુ છે. તેમાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ અર્થાત્ ૬ જાન્યુઆરીથી ૧૦ જાન્યુઆરી સુધી આકાશ ચોખ્ખુ રહેશે.

આ આગાહીમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૨-૧૫ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૫ થી ૭૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

આ દિવસોમાં પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે હવામાનમાં ભેજનું પ્રમાણ વધવાની સંભાવના હોવાથી પાકમાં રોગ-જીવાતનો ઉપદ્રવ વધવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. તો પાક નિરીક્ષણ કરી પાક સંરક્ષણના પગલાં ભરવા.

રાઈના પાકમાં મોલોમસીનો ઉપદ્રવ થવાની, ચણાના પાકમાં સૂકારો અને મૂળનો કોહવારો થવાની સંભાવના છે. બટાટાના પાકમાં પણ કાળીયો રોગ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

વિતેલા દિવસોમાં પવનની ગતિ ૩ કિ.મી. પ્રતિ કલાક નોંધાઈ હોવાનું જાણવા મળેલ છે.

ગુડામાં સમાવિષ્ટ ગામોમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે લાઈનનુ કામ શરૂ થશે

રાયસણ, કોબા, કુડાસણ, ભાઇજીપુરા, વાવોલ, અંબાપુર સહીતના ગામોમાં પાણી માટે લાઇનનુ જોડાણ અપાશે

ગાંધીનગર તા ૫

ગુડા વિસ્તારના ગામોમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે ગામની લાઈનનુ ટી પી લાઈન સાથે જોડાણ કરાશે. જયારે નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરી દેવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧.૬૦ કરોડનો ખર્ચ કરાશે. ગુડાના રાયસણ , કોબા ભાઈજીપુરા, કોબા કુડાસણ , વાવોલ અને અંબાપુર ગામોને અનુલક્ષીને આ કામગીરી હાથ ધરાશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસના વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુડા દ્વારા ટી પી વિસ્તારમાં રસ્તા પાણી અને લાઇટ ઉપરાંત ગટર લાઇનની માળખાગત સુવિધાના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુડા વિસ્તારમાં ગ્રીન સીટીનો કન્સેપ્ટ જળવાયેલો રહે તે માટે નવા ઉદ્યાનોનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. ગુડા વિકિસત

ગુડા વિકિસત ટી પી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઇન પણ નાંખવા માટે આયોજન કરાયુ છે. જયારે આગામી દિવસોમાં સ્ટ્રીટ લાઇટનુ પણ બાકી કામ કરવામાં આવશે

ટી પી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઇન પણ નાંખવા માટે આયોજન કરાયુ છે. જયારે આગામી દિવસોમાં સ્ટ્રીટ લાઇટનુ પણ બાકી કામ કરવામાં આવશે. ગુડાના ટીપી વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જેને અનુલક્ષીને ગુડા વિસ્તારના રાયસણ, કોબા,ભાઈજીપુરા,કુડાસણ, વાવોલ, અંબાપુર, રાંદેસણ ગામને અનુલક્ષી લાઈનનુ કામ હાથ ધરવામાં આવશે. નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે ટી પી લાઈનના જોડાણ માટે નવી લાઈન નાંખવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષીને ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાશે જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧.૬૦ કરોડનો ખર્ચ કરાશે. લાઈન નાંખવાની કામગીરી આગામી એક વર્ષમાં પુર્ણ કરી દેવાશે જેના અંતે ગુડાના ટી પી વિસ્તારમાં નર્મદાના પાણી મળતા થશે.

તાલુકા પંચાયતની બજેટ બેઠક ૧૧મીએ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર તાલુકા પંચાયતની બજેટ બેઠક આગામી ૧૧મી જાન્યુઆરીના રોજ તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે મળશે.

ગાંધીનગર તાલુકામાંથી ૧૯ ગામોને ગાંધીનગર શહેરમાં ભેળવી દેવાનાસરકારના નિર્ણય પછી આ પ્રથમ બજેટ બેઠક છે. ૨૦૨૧-૨૨ના આ વખતના અંદાજપત્રમાં આ ગામોની આવક ગુમાવવાથી તાલુકા પંચાયતને ભારે આર્થિક ફટકો સહન કરવો પડશે. આ સંજોગોમાં બજેટને લઈ તંત્રને પણ ભારે મહેનત ઉઠાવવી પડશે.

તાલુકામાં ગ્રાન્ટની આવક ઘટવાની સાથે સ્વભંડોળની આવકમાં પણ ૪૦ ટકાથી વધુ આવક ઘટવાના અંદાજો વચ્ચે આ બજેટ વિકાસલક્ષી કે પરિવર્તનલક્ષી બનશે તેને લઈ અટકળોનો દોર રાજકીય વર્તુળોમાં ચાલી રહ્યો છે.

આ બેઠકમાં ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી કરવાના થતા કામો અંગે પણ ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલાંનુ આ બજેટ હોવાથી સૌની નજર મંડાયેલી છે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ હાલ સત્તા પર છે એટલે પણ સૌની નજર છે.

આ બજેટ રજુ થયા પછી તે જિલ્લા કક્ષાએ મંજુરી અને અવલોકન માટે મોકલવામાં આવશે.

ધુમ્મસ છવાયું... - ગાંધીનગરમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા મોર્નિંગ વૉકર્સ અને વાહનચાલકોને તકલીફ અનુભવાતી હતી... પરંતુ વાતાવરણ હીલસ્ટેશન જેવું અનુભવાતું હતું... શિયાળાની સવાર આહલાદક હોય છે... ઠંડી અને ધુમ્મસની વચ્ચે પણ વાતાવરણનું સૌંદર્ય માણવાની અનોખી મજા હોય છે...

સ્વર્ણિમ સંકુલના ત્રીજા અને ચોથા માળે સેનીટાઈઝેશન કરાયું

ગાંધીનગર, તા.૫

સ્વર્ણિમ સંકુલમાંથી ગઈકાલે કોરોના પોઝીટીવના મળી આવેલા કેસોને પગલે આજે સેનીટાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સ્વર્ણિમ સંકુલમાંથી ગઈકાલે ૬ જેટલા કેસો મળી આવ્યા હતા. જો કે આજે કર્મચારી આલમમાં ૧૧ કેસો મળ્યાની વાતો ચર્ચાતી હતી. આજે મનપાના તંત્ર દ્વારા સ્વર્ણિમ સંકુલના ત્રીજા અને ચોથા માળે સેનીટાઈઝેશનની કામગીરી કરવામાં આવી હતી એટલું જ નહિ આજનો દિવસ મુલાકાતીઓના પ્રવેશ પર પણ પાબંધી લગાવવામાં આવી હતી.

સ્વર્ણિમ સંકુલમાં સેનીટાઈઝેશનની કામગીરી હાથ ધરાઈ હતી અને ભોંયતળિયે આવેલા તાપી-નર્મદા હોલમાં પણ સેનીટાઈઝેશનની કામગીરી કરવામાં આવી હતી. દરેક મજલે થર્મલ સ્કીનીંગ પણ કરવામા આવતું હતું.

ગાંધીનગર શહેરમાં એક તરફ કોરોના કેસોમાં ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે સ્વર્ણિમ સંકુલમાંથી મળેલા કેસોને લઈ આરોગ્ય તંત્ર પણ ચોંકી ઉઠયું હતું. સ્વર્ણિમ સંકુલ જ્યાં મુખ્યમંત્રીનું કાર્યાલય છે ત્યાં ત્રીજા અને ચોથા માળે મુલાકાતીઓ પર પ્રતિબંધ મુકાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી કાર્યાલયના ૧૧ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થતાં તંત્રમાં ભારે ખળભળાટ વ્યાપ્યો હતો. મુખ્યમંત્રી કાર્યાલયના અનેક અધિકારીઓને વર્ક ફ્રોમ હોમના આદેશ અપાયા છે.

શહેરમાં સીટી બસસ્ટેન્ડ બનાવવાની કાર્યવાહી સ્થગિત કરો : પિન્કી પટેલ

મેયર-કમિશનર પાસેથી ખર્ચ વસુલવાની માંગ કરાઈ : મેયર-કમિશનરની મનપાની સામે પિન્કીબેન પટેલે વધુ આક્રોશ સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં મેયર અને કમિશનર દ્વારા સત્તાના દુરૂપયોગ સામે કોંગીના મહિલા કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે વધુ એક વખત લાલ આંખ કરી અને આ બન્ને સામે સત્તાનો દુરૂપયોગ કર્યો હોઈ ખર્ચ તેમની પાસેથી વસુલવામાં આવે તેવી માંગ કરી છે.

ગાંધીનગર કોર્પોરેશન દ્વારા સીટી બસસ્ટેન્ડ બનાવવાની હાથ ધરાયેલ કામગીરીને તાત્કાલિક અસરથી અટકાવવાની માંગ કરતાં પિન્કીબેન પટેલે જણાવ્યુ છે કે સ્થાયી સમિતિએ ના પાડી હોવા છતાં મેયર-કમિશનરે મનપાની કરી ટેન્ડર અને વર્ક ઓર્ડર આપ્યા છે.

શ્રીમતિ પિન્કીબેન પટેલે મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જણાવ્યુ છે કે બજેટમાં જોગવાઈ ન હોવાને કારણે સ્થાયી સમિતિએ આ કામ ફગાવી દીધુ હતુ. સ્થાયી સમિતિના બે સભ્યોને બોલાવી બસસ્ટેન્ડના કામને મંજૂરી આપવામાં આવી છે. સ્થાયી સમિતિના ચેરમેન સહિત નવ સભ્યોએ આ બાબતે વિરોધ ઉઠાવ્યો હતો.

ત્યારે કમિશનરશ્રીએ જીપીએમસી એક્ટનો હવાલો આપી આ કામોને બહાલી આપવામાં આવી હતી.

નિયમો નેવે મુકીને શરૂ કરાયેલ આ સીટી બસસ્ટેન્ડનું કામ સ્થગિત કરવાની સાથે તેમની પાસેથી ખર્ચ વસુલવાની માંગ કરતાં પિન્કીબેન પટેલે કલમ-૬૭ હેઠળ મેયરને સ્થાયી સમિતિ કે અન્ય સમિતિએ પસાર કરેલ ઠરાવ બાબતે પુનઃ વિચારણા કરવાની સત્તા છે.

અસામાય સ્થિતિ છે નહિ છતાં આ કામ હાથ પર કેમ લેવામાં આવ્યુ તે હજુ સમજાતુ નથી. તેમણે જી.પી.એમ.સી. એક્ટની કલમ ૪૨ને ટાંકી કમિશનર સામે પણ પગલાં લેવાની માંગ કરી છે.

દહેગામ નરોડા માર્ગ પર હોટલ અને ફાર્મમાં દિપડાનો વિસામો

સ્થાનિકોએ દિપડાને મોબાઇલમાં કેદ કર્યો : વનતંત્રએ મારણ સાથે પાંજરુ મુક્યુ : દિપડાને ગિરફતમાં લેવા વનતંત્રની કસરત વધી

ગાંધીનગર તા ૫

દહેગામ વિસ્તારમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વનવિભાગને કસરત કરાવતો દિપડો હજુ પાંજરામાં કેદ થયો નથી. વનતંત્રની શોધખોળ વચ્ચે ગઈકાલે દિપડો દહેગામ નરોડા માર્ગ પર સ્થિત એક હોટલ અને ફાર્મ હાઉસમાં આંટા મારતો હોવાનુ પણ સ્થાનિકોએ મોબાઈલમાં કેદ કર્યુ છે. ફરતા દિપડાને ગિરફતમાં લેવા માટે વનતંત્રએ આ વિસ્તારમાં મારણ સાથે પાંજરુ મુકી રાત્રિના સમયે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. જયારે દહેગામ નરોડા માર્ગ પરના ગામોમાં પણ ગ્રામજનોને સતર્ક રહેવા માટે જણાંવાયુ છે.

દહેગામ વિસ્તારમાં છેલ્લા ચાર પાંચ દિવસથી દિપડો વનતંત્રના અધિકારીઓને કસરત કરાવી રહ્યો છે. દહેગામના બહિયલ વિસ્તારમાં કેનાલ પાસેની ઝાડીમાં દિપડાએ દેખા દીધા બાદ વનતંત્ર દોડતુ થઈ ગયુ છે. જયારે આ વિસ્તારમાં પાંજરૂ મુકીને દિપડાને કેદ કરવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ છેલ્લા બે દિવસથી દિપડો વનતંત્રની ગિરફતમાં આવ્યો નથી. દિપડાને પકડવાના પ્રયાસો સાથે વન વિભાગ દ્વારા ગઈકાલે આ વિસ્તારના ગ્રામજનોને એલર્ટ પણ કરાયા હતા. રાત્રિના સમયે એકલા બહાર ન નિકળવા તેમજ સલામતીના પગલા લેવા માટે પણ વનતંત્રએ જણાંવ્યુ હતુ જયારે હજુ પણ દિપડો વનતંત્રની પક્કડમાં આવ્યો નથી. ત્યારે દહેગામ નરોડા માર્ગ પર દિપડો ફરતો હોવાની વાત પણ ધ્યાને આવી છે. આ વિસ્તારમાં દિપડો સતત ફરી રહ્યો હોવાની જાણ પણ વનતંત્રને થઈ છે. જેના લીધે વનતંત્રની કસરત વધી છે. આ ઉપરાંત ગઈકાલે રાત્રે દહેગામ નરોડા હાઈવે પર સ્થિત રામ વિલેજ હોટલના પાછળના ભાગે દિપડો આવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આ દરમિયાન સ્થાનિકોએ દિપડાને મોબાઈલ કેમેરામાંપણ કેદ કર્યો છે. આ ઉપરાંત પુજા ફાર્મ પાસે પણ દિપડો આવ્યો હોવાની બાતમી વન કર્મીઓને સ્થાનિકોએ આપી છે. આ વિસ્તારમાં પાંજરુ મુકવાનુ પણ વનતંત્રએ નક્કી કર્યુ છે. જયારે રાત્રિ પેટ્રોલીંગ પણ વધારી દેવાયુ છે. હોટલ તેમજ ફાર્મના સ્ટાફને પણ સતર્ક કરી દેવાયો છે. પુજા ફાર્મની ઝાડીમાં પણ મારણ સાથે પાંજરુ મુકવામાં આવ્યુ છે. નરોડા દહેગામ માર્ગ પર ના ગામોમાં પણ વન વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના ૧૦+૧૦ = ૨૦ કેસ નોંધાયા

૨૩ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ : ગાંધીનગર તાલુકામાં ૯ અને માણસામાં ૧ કેસ : સે. ૨૨ અને ૫ માંથી બે-બે કેસ સહિત ૧૦ કેસ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાંથી આજે કોરોનાના નવા ૨૦ કેસ મળી આવ્યા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૦-૧૦ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાની સ્થિતિ વિકરાળ રૂપ ધારણ કરી રહેલ છે. આજે નોંધાયેલા ૧૦ કેસમાંથી ૯ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. જયારે એક કેસ માણસા તાલુકામાંથી મળી આવ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં એન્ટીજન ટેસ્ટનું પ્રમાણ વધારવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી ગઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે અડાલજ ગામેથી ૪ વર્ષની નાની દિકરી સહિત જે ૧૦ કેસ નોંધાયા છે તેમાં ૯ કેસ ગાંધીનગર તાલુકાના છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ, પેથાપુર અને સરગાસણ ગામમાંથી બે-બે કેસ મળવા ઉપરાંત દોલારાણા વાસણા, રાંદેસણ અને ખોરજ ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકાના માણેકપુર ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારના ૩ દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૭૬૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ નેવુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૬૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૫૮૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી પણ આજે ૧૦ નવા કેસ મળી આવ્યા છે. જે રીતે સંવેદનશીલ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર છે.

શહેરમાં કોરોનાના કેસો ઘટ્યા છે પણ સંવેદનશીલ વિસ્તારોમાંથી સતત કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં માત્ર ૧ મહિલા દર્દી છે અને એક દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે ૮ સેક્ટરોમાંથી કેસો મળી આવેલ છે. આજે સંક્રમિત થનારાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ

તમે એક પળમાં જીંદગીનું સંભારણું
છોડીને ચાલ્યા ગયા,
જીંદગી હતી ટૂંકી છતાં લાગણી ઘણી મુકી ગયા,
હસીને હસાવનાર અમોને રડાવી ગયા.
અચાનક થયેલ તમારી વિદાયને
એક વર્ષ છતાં અમો બધા સ્તબ્ધ છીએ
તમારા માટે ઉચ્ચારાતો એક એક અક્ષર
આંસુથી નિતરે છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ આપે એ જ પ્રાર્થના...

સરોજબેન પ્રવિણચંદ્ર શાહ પરિવાર
અમિતા મિલિન્દ વ્યાસ
મિલિન્દ જે. વ્યાસ
રોહિણી ગૌરાંગ છત્રીવાલા
ગૌરાંગ આર. છત્રીવાલા
પ્રેરણા આનંદ શાહ
આનંદ દેવેન્દ્ર શાહ
માહી, ગ્રીવા, ગ્રીશા, મેહ, કર્વ

સ્વ.પ્રવિણચંદ્ર દલસુખભાઈ શાહ
(પી.ડી.શાહ)
સ્વ.તા.૦૬-૦૧-૨૦૨૦

માસ્ક પહેરો - અંતર જાળવો - સુરક્ષિત રહો

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com